**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૭૭ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં ગોલ્ડન ચિયર્સ-જગદીપ મહેતા રાત્રે ૭.૩૦ કલાકે સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રમઝટ જમાવશે.

● શિવશકિત મંદિર ચોક સે-૭-સી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આરતી ત્યારબાદ મ્યુઝીકલ ગ્રુપ સે-૧૩ દ્વારા ગરબાની રમઝટ જમાવશે.

● નવરાત્રી સમિતિ સે-૩ ન્યુ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ૯ કલાકે ધર્મેશ પંડયા અને મ્યુઝિકલ પાર્ટી દ્વારા ગરબાની રમઝટ જમાવશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકર દ્વારા બપોરે સવારે ૧૦ થી ૧ નર્મદાબેન પરમારના નિવાસસ્થાન ૩૪૪/૧, સે-૩-બી ખાતે તથા ૨.૩૦ થી ૫ દરમિયાન પન્નાબેન જોષીના નિવાસસ્થાન સે-૩-ડી પ્લોટ નં. ૧૦૬૦/૨ ખાતે આનંદનો ગરબો યોજાશે.

# અમે છીએ ખાસ, મિત્ર આપોને પાસ

## શહેરમાં ગરબાના પાસની પારાયણ ચાલી : શનિ-રવિમાં નવરાત્રીના કોમ્પ્લીમેન્ટ્રી પાસની ડિમાન્ડ સાથે પાસની ખરીદીમાં વધારો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના ગરબા બે મોઢે વખણાય છે. નવદુર્ગાની ભકિત આરાધના પર્વની સેકટરોમાં ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ દિવ્ય અને ભવ્ય માહોલ જોવા મળે છે. પરંતુ નવરાત દરમિયાન નવ દુર્ગાની ભકિત વંદના સાથે કોમ્પ્લીમેન્ટ્રી પાસની પણ વિશેષ બોલબાલા છે. સેકટરોમાં આસપાસ માત્ર પાસ ઓનડિમાન્ડ હોવાની વાતો સતત કાને અથડાય છે. મહેમાન આવ્યા છે બે પાસ કરી આપો, મારે તો માત્ર આઠમના જ જોઈએ છે. વગેરે વગેરે જુદી જુદી રીતે ગરબા પ્રેમીઓ પાસનો જુગાડ કરવાની ફીરાકમાં હોય છે.

શહેરમાં નવરાત્રી પર્વ મધ્યાંતરથી આગળ પહોંચ્યુ છે. હાલ શનિ-રવિ અને સાતમ આઠમ સાથે જ આવતા શહેરમાં ખાનગી ગરબા માટેના પાસની ડિમાન્ડ શહેરમાં વધી છે. ગરબા આયોજકો કોમ્પ્લીમેન્ટ્રી પાસની ડિમાન્ડથી જ ત્રાહિમામ પોકારી ગયા છે. શહેરીજનો પોતાના તો ઠીક બીજાના પાસ માટે પણ કોમ્પ્લીમેન્ટ્રી પાસ લેવા ચાર ચાર ધક્કા ખાઈ રહ્યા છે. આ ઉપરાંત પાસ પૈસાથી ખરીદવા માટે પણ ટીકીટ બારી પર ભીડ જોવા મળી રહી છે.

સરકારી ઓફિસોમાં શનિ-રવિની રજા આવવાથી અધિકારીઓ તેમના પરિવારજનો સાથે ગરબાની મજા માણવા માટે ખાનગી ગરબા સ્થળે મુલાકાત લઈ રહ્યા છે. આ ઉપરાંત શાળા કોલેજોમાં પણ રવિવારે રજા રહેતી હોવાથી શનિ-રવિ બે દિવસ પાસ ખરીદવાની ડિમાન્ડ વધી ગઈ છે. ખેલૈયાઓ જેમને કામના દિવસોમાં ગરબાની મજા માણવા ન મળી રહી હોય તેઓ આ રજાના બે દિવસ મન મૂકીને ગરબે ઘુમશે તે બાબતની ખાતરી ખાનગી ગરબાના પાસના વેચાણકેન્દ્ર આપી રહ્યા છે.

નગરમાં નવરાત્રી દરમિયાન દરેક જગ્યાએ એક જ બાબત ચર્ચામાં છે. નવરાત્રીના પાસ. શહેરના લારી ગલ્લે, ખાણીપીણી બજાર, કોલેજની બહાર, સેકટરોના આસપાસના બેઠક વિસ્તારમાં ભાઈ પાસ હોય તો કરી આપજોને... એક-બે જે થાય તે.. થી લઈ તું મારો ભાઈબંધ નહીં?? મારે તો માત્ર આઠમના જ જોઈએ છે, આ રજામાં આપણે રમવા જવાનું જ છે... પાસ ખરીદીને તો ખરીદીને... જેવી ચર્ચાઓ નગરમાં ચર્ચાઈ રહી છે. આમ શનિ-રવિના બે દિવસની રજા જેવા જ વાતાવરણને લીધે શહેરીજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અને ખાનગી નવરાત્રીના પાસનું વેચાણ કરતી ટિકિટ બારી પણ ખેલૈયાઓથી ઉભરાઈ રહી છે.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં આજરોજ નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. સ્કૂલના પ્રાગણમાં મા શક્તિના સાનિધ્યમાં પ્રાયમરી વિભાગથી લઈ ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. શાળામાં આનંદમય શક્તિ સભર આધ્યત્મિક વાતાવરણ સર્જાયું હતું. ટ્રસ્ટીશ્રી, ડાયરેકટરશ્રી, આચાર્યશ્રી તેમજ શિક્ષક ગણ વિદ્યાર્થીઓ સાથે તાલમાં તાલ મિલાવી ગરબે ઘૂમ્યા હતા. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને બેસ્ટ ડ્રેસ તેમજ બેસ્ટ ડાન્સ માટે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



ગાંધીનગર જિલ્લના કોઠા ગામની કે.એન. પટેલ હાઈસ્કૂલ ખાતે ગાંધીજયંતિ નિમિત્તે 'પ્લાસ્ટિક મુકત ભારત' વિષયે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી તેમજ પૂ. બાપુની આત્મકથા 'સત્યના પ્રયોગો' આધારિત વકતૃત્વ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોઠા ગામના 'સ્વચ્છાગ્રહી' સફાઈ કામદાર તારાબેનનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ રમેશભાઈ પટેલ અતિથિપદે ઉપસ્થિત રહ્યા હતા.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● **વોર**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૨૦, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૪૦, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૨૦

● **છીછોરે**
૪.૪૦

● **ડ્રીમગર્લ**
૪.૩૦

● **સાવેરા નરસીમ્મા રેડ્ડી**
૯.૩૦, ૧.૦૦, ૭.૨૦, ૧૦.૫૦

## ચિરવિદાય

● સ્વ. શશીકલા ચંદ્રપ્રકાશ રાજપુત, ઉ.વ. ૫૦
● સ્વ. ઠાકોર જોઈતીબેન ચંદુજી, ઉ.વ. ૭૫
● સ્વ. ઠાકોર તલાજી અમથાભાઈ, ઉ.વ. ૮૦

## આજે સવારે ઘ-૪ સર્કલે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૫

માતૃભાષા અભિયાનનાં ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનનાં સહયોગથી ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. ઓક્ટોબર માસની પુસ્તક પરબ આ રવિવાર તા.૬-૧૦-૧૯ નાં રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન ઘ-૪ સર્કલ, ઉદ્યોગ ભવન પાસે, ગાંધીનગર ખાતે યોજાશે. ગાંધીનગરના અનેક મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ, લેખકો, તબીબો, વરિષ્ઠ નગરજનો, નોકરી - વ્યવસાય કરનાર ભાવકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આનો લાભ લે છે. પરબની મુલાકાતે આવનાર વ્યક્તિ બે પુસ્તક અને બે સામયિક વિના મૂલ્યે લઈ જઈ શકે છે. વાંચી લીધાં પછી પુસ્તકો આ પરબમાં પરત આપી શકાય છે. પુસ્તકો ભેટમાં સ્વીકારવામાં આવે છે. પુસ્તક પરબમાં એક મેળા જેવો માહોલ જામતો હોય છે. સહુ ભાવકો- વાચકોને પધારવા આત્મન - પુસ્તક પરબ ટીમ વતી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## બાલવા ચોકડીએ એસ.ટી. પીકઅપ સ્ટેન્ડ અંગે રજુઆત

બાલવા, તા.૫

બાલવા ચોકડીએ ઘણા વર્ષોથી પીકઅપ બસસ્ટેન્ડ ન હોવાથી ઉનાળો, શિયાળો અને ચોમાસામાં મુસાફરો, વિદ્યાર્થીઓ તથા સિનીયર સીટીઝનોને ભારે મુશ્કેલી પડી રહી છે. માણસાના ધારાસભ્યશ્રીના ફંડમાંથી બસ સ્ટેન્ડ બનાવવા માટે ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# ચંદનના લાકડાની ચોરી કરનાર ત્રણ શખ્સોની અટકાયત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ઔષધીય વનસ્પિત ઉધાન તેમજ સાબરમતિ નદીના કોતરોમાંના જંગલોમાં જંગલોમાં જુદી જુદી જગ્યા તથા દહેગામના નાંદોલ અને સાબરકાંઠાના બાયડ ખાતેથી ચંદનના ઝાડની ચોરી કરનાર ગેંગના ત્રણ સભ્યોને હરસોલી ચોકડી નજીકથી પકડી પાડી ચંદનના લાકડા કિ.રૂ. ૬૯૦૦૦ રીકવર કરી કરી કુલ ૭ ગુનાનો ભેદ ગાંધીનગર એલસીબી-૨ પોલીસે ઉકેલી નાંખ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વધી રહેલી ચંદન ચોરીના ગુના અટકાવવા માટે રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ સુચના આપી હતી. જેને પગલે ચંદન ચોરી કરતી ગેંગને પકડી પાડવા માટે એલસીબી અને એસઓજી સહિત સ્થાનિક પોલીસ અધિકારીના કર્મચારીઓ અને જુદી-જુદી ટીમો તૈયાર કરી રાત્રીના સમયે વોચ કરી બાઈક પેટ્રોલીંગ સઘન બનાવ્યું હતું. એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાએ એલસીબી અને એસઓજી ના અધિકારીઓને તે દિશામાં કાર્યરત કરી દીધા હતા. ત્યારે દહેગામ પોલીસ સ્ટેશનની હદમાં નાંદોલ ગામની સીમમાં આવેલ ઔષધવનમાં તા.૨-૧૦-૧૯ ના રોજ ચંદનચોરીનો બનાવ બન્યો હતો. તા.૪ સપ્ટેમ્બરના રોજ એલસીબી પીએસઆઈ ડી.એસ. રાઓલ, એચ.કે.સોલંકી, એમ.જે.શિંદે તેમજ એએસઆઈ હજારીસિંહ ધીસાસિંહ ટીમના સભ્યો પેટ્રોલીંગ માં તે દરમિયાન હે.કો. ભવાનસિંહ અને રણજીતસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી



કે દહેગામ નહેરૂ ચોકડીથી કપડવંજ તરફ જતા માર્ગ પર આવેલા હરસોલી ચોકડી નજીક ત્રણ ઈસમો વિજય શેખર રાજપૂત (આદીવાસી), લાલગંજ ઉર્ફે પઉંઆ જયસિંગ નારંગી રાજપૂત (આદીવાસી), મુકેશ ઉર્ફે ઉસલી રતનલાલ રાજપૂત (આદીવાસી), ત્રણેય રહે.સુગમા ગામ પોસ્ટ રેઠી, તા કટની જી.જબલપુર મધ્યપ્રદેશનવાળાને પકડી પાડી પ્લાસ્ટીકના કોથળામાં ચંદનના લાકડાના ટુકડા સાથે પકડી પાડયા હતા. પોલીસે ત્રણેય શખ્સોને આ ચંદનના લાકડા અંગે પુછતા સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. જેથી આરએફઓ ભરત દેસાઈને બોલાવી ચંદનના ઝાડના લાકડા અંગે ખરાઈ કરતા તે કુલ ૬૯ કિલો વજનના છે તેમજ તેનો કિલોના ભાવ રૂ.૮૦૦ થી ૧૦૦૦ સુધીનો હોવાનું છે. શખ્સોની ચંદનના લાકડા અંગે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેઓએ અન્ય સાગરીતો સાથે મળીને ગાંધીનગર સાબરમતિના કોતરોમાંથી તેમજ ઔષધીય વનસ્પિત ઉદ્યાનમાંથી, દહેગામના નાંદોલ ગામની સીમની નર્સરી, સાબરકાંઠાના બાયડ નજીક આવેલા ખેતરમાં રાત્રી દરમિયાન ચંદનના લાકડાની ચોરી કરી હતી. આ શખ્સોની ચંદનચોરીની કબુલાત અંગે રેકર્ડ પર ખાતરી કરતા ચંદન ચોરીના ૭ ગુનાનો ભેદ ઉકેલાયો છે. એલસીબી પોલીસે પકડેલા આરોપીઓએ પોતાના પરિવાર સાથે જુદી જુદી જગ્યાએ પડાવ નાંખી આસપાસના વિસ્તારમાં રૂદ્રાક્ષ, શીલાજીત તેમજ આર્યુવેદિક દવાઓ વેચવા માટે ફરતા હોય છે. વિવિધ વિસ્તારોમાં રેકી કરી રાત્રીના સમયે આ ચંદનના વૃક્ષના લાકડાના ટુંકડા કરી ચોરી કરી લઈ જાય છે અને અન્ય જગ્યાએ વેચાણ કરી દેવા હોવાની કબુલાત કરી છે. જેથી ચંદનના લાકડા કબ્જે કરી આરોપીઓ સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેર નાગરિક પરિષદની સોમવારે માસિક બેઠક

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસના પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા. ૭મી ઓકટોબરના રોજ પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજાશે. સેકટર-૨૧ના નમન એપાર્ટમેન્ટ ખાતે સાંજના પાંચ વાગે બેઠક મળશે. તો સંસ્થાના સભ્યો-પદાધિકારીઓને તથા કાર્યવાહક સમિતિના સભ્યોએ બેઠકમાં ઉપસ્થિત રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કોઠા ગામની પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ગાંધી જયંતિની ઉજવણી નિમિત્તે ગામ રેલી યોજી હતી અને સ્વચ્છતાનો સંદેશ પાઠવ્યો હતો. રેલી અગાઉ બાળકોને પ્રાર્થનાસભામાં ગાંધીજના જીવન મૂલ્યો, મહત્વના સત્યાગ્રહો તથા તેમના પ્રિય ભજનો અંગે સવિસ્તાર માહિતગાર કરાયા હતા.



## ''નવરંગ''માં શહેરના વિશિષ્ટ બાળકોના ''વિશેષ'' ગરબા

ઈશ્વરે દરેક વ્યક્તિને કોઈને કોઈ અજોડ શક્તિ પ્રદાન કરેલી છે જે તે વ્યક્તિને અન્યોથી અલગ પાડે છે. ક્યારેક એવું પણ લાગે કે વ્યક્તિ જે શારિરિક ક્ષમતા સાથે જન્મી છે તે અન્યોને ક્ષતિમુક્ત લાગતા તેને દિવ્યાંગ ગણવામાં આવે છે. જોકે દિવ્યાંગ બાળકો પણ અન્ય સામાન્ય વ્યક્તિઓની જેમ કોઈને કોઈ ''વિશેષ'' શક્તિ ધરાવતા હોય છે. અત્યારે ચાલી રહેલા શક્તિની ઉપાસનાના પર્વ નવરાત્રી દરમ્યાન જ્યારે સૌ કોઈ પોતપોતાની શક્તિ મુજબ આદ્યશક્તિ મા જગદંબાની આરાધના કરી રહ્યાં છે ત્યારે શહેરમાં મનો દિવ્યાંગ બાળકોને વૈજ્ઞાનિક પદ્ધતિએ તાલીમ આપી સામાન્ય પ્રવાહમાં જોડવાનું કાર્ય કરતી વિશેષ એજ્યુકેશન સેન્ટરના તાલીમાર્થી ''વિશિષ્ટ'' બાળકોએ પણ કુડાસણ ખાતે ''નવરંગ'' પાર્ટી પ્લોટમાં ગરબા રમીને માતાજીની ભક્તિનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમ માટે 'વિશેષ' પરિવારે નવરંગ ગરબાના ડૉ. શંકરસિંહ રાણા સહિતના આયોજકોનો આભાર માન્યો હતો.

## રેડક્રોસ દ્વારા વિજ્ઞાન કોલેજમાં થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત ૩૮૧ યુવા વિદ્યાર્થીઓનો




થેલસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ વિદ્યાર્થીઓમાં યુવક યુવતીઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે રેડક્રોસના સિનિયર ટેકનિશ્યિન વિજયભાઈ રાવળ અને તેમની ટીમે થેલેસેમિયા ટેસ્ટની સેવા પુરી પાડી હતી. કેમ્પ દરમિયાન સાયન્સ કોલેજના આચાર્ય ઉપરાંત એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદા, એનસીસી ઓફિસર ડૉ.જીજ્ઞાબેન વાઘેલા તથા સ્વયંસેવકો અને રેડક્રોસની જિલ્લા શાખાના અશ્વિનભાઈ દવે, જી.કે. ત્રિવેદી, હેમાંગભાઈ દોશી વગેરેએ ઉપસ્થિત રહી જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં થેલેસેમિયા જાગૃતિ અંગેની પત્રકાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઈન્દ્રોડાના રાજેન્દ્રસિંહ લાપતા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ચ-૩ સેકટર-૭ના કોર્નર પર ચાની લારી ચલાવતા ગજેન્દ્રસિંહ ગોહિલ અને ઈન્દ્રોડા ગામે રહેતા તેમનાભાઈ રાજેન્દ્રસિંહ દલપતસિંહ ગોહિલ (ઉ.વ. ૩) ખોડિયાર મંદિર ભાવનગર ચાલીને ઈન્દ્રોડા ગામના દર્શનાર્થીઓ સાથે જઈ રહ્યા હતા ત્યારે શિહોર તાલુકાના ધાંધળી ગામેથી તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ લાપતા બનેલ છે. તેમના પરિવારજનોએ ભારે શોખખોળ હાથ ધરેલ છે. પોલીસે જાણવા જોગ નોંધ કરી તપાસ હાથ ધરી છે. ઈન્દ્રોડા ગામનો યુવક ગુમ થવાથી ગામમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

## વણકર સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૫

વણકર ફાઉન્ડેશન દ્વારા વડોદરા દ્વારા સમાજના દીકરા દીકરીઓનો જીવનસાથી પસંદગી મેળો તા. ૬ ઓકટોબરના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન સે-૧૨ ખાતે બપોરે ૧ વાગ્યે યોજાશે. ગાંધીનગર વણકર સમાજના ઉપપ્રમુખ કિશોરભાઈ એ. પરમાર દ્વારા સમાજના લગ્નોચ્છુક દીકરા દીકરીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# સાયન્સ સીટી ખાતે વાઈલ્ડ લાઈફ વીકની ઉજવણી અંતર્ગત કાર્યક્રમો

ગાંધીનગર, તા.૫

ગુજરાત સાયન્સ સીટી ખાતે ૨ ઓકટોરબર થી ૮ ઓકટોબર સુધી વાઈલ્ડલાઈફ વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં સ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે વાઈલ્ડલાઈફ જાણવણી સાથે સંકળાયેલ ખાસ એકટીવીટીઝનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ ઉજવણીના ભાગ રૂપે સાયન્સ સીટી ખાતે વાઈલ્ડ લાઈફ એક્સપર્ટ ડો.આર.જે. પ્રજાપતિના સંવાદયુકત વકતવ્યનું




આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમને વિદ્યાર્થીઓ સાથે વાઈલ્ડ લાઈફના પોતાના અનુભવો શેર કર્યા હતા અને તેના જતન વિશે માહીતી આપી હતી.

આ માહીતીથી ભરપુર ઈન્ટરએકટીવ સેશન ઉપરાંત વિદ્યાર્થીઓને આઈમેક્સ થિયેટર ખાતે વાઈલ્ડ લાઈફ એજયુકેશન ફિલ્મ પણ બતાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ભારતમાં વાઈલ્ડ લાઈફના જતનના ઉદેશથી દેશભરમાં ૨જી ઓકટોબરથી ૮ ઓકટોબર દરમિયાન વાઈલ્ડ લાઈફ વીકની ઉજવણી કરવામાં આવે છે. સાયન્સ સીટી ખાતે ઉજવાઈ રહેલ આ વાઈલ્ડ લાઈફ વીક દરમીયાન બાયોડાયવર્સિટી અને વાઈલ્ડ લાઈફના નિષ્ણાતો વિદ્યાર્થીઓને વાઈલ્ડ લાઈફના સંવર્ધન અને જતન વિશે માહીતી આપશે. વિવિધ એકટીવીટીઝ સાથે આઈમેક્સ થિયેટર ખાતે વિદ્યાર્થીઓને વાઈલ્ડ લાઈફ ફિલ્મ પણ દર્શાવાશે.

## ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ સ્થાપના દિવસે સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૫

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર દ્વારા ૨જી ઓકટોબરના રોજ મહાત્મા ગાંધી જયંતિના ભાગરૂપે સ્વચ્છતા અભિયાનના પ્રોગ્રામ પ્રેસિડેન્ટ રાધેશ્યામભાઈ યાદવની અધ્યક્ષતામાં સ્વચ્છ ભારત અંગે કાર્યક્રમ યોજી સ્વચ્છતા અભિયાન ચલાવીને બાપુને સમર્પિત કર્યો હતો. પંચદેવ મંદિરના આસપાસના રસ્તાઓ, જાહેર જગ્યાઓ ઉપરથી પ્લાસ્ટિક વેસ્ટેજ તથા અન્ય જાતનો કચરો દુર કર્યો હતો. ગાંધીનગરની જનતાને સ્વચ્છતાનો સંદેશો મળી રહે તે અર્થે અભિયાન હાથ ધરાયું હતું તેમ ઈન્ડિયન લાયન્સ, સ્વર્ણિમના ચીફ પેટ્રન ઈ.લા. હિતેશભાઈ પંડયા, નેશનલ ચેરમેન ઈ.લા. આશાબેન પંડયાએ જણાવેલ છે.

